ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૪/૧/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# રૂપિયા ૨૦ હજાર કરોડના ખર્ચે સાકાર થઇ રહેલા બુલેટ ટ્રેન પ્રોજેકટને કારણે દક્ષિણ ગુજરાતમાં MSME ઉદ્યોગો માટે વિપુલ માત્રામાં વ્યવસાયિક તકો તથા રોજગારી ઉભી થશે

## ચેમ્બરમાં મુંબઇ અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેકટ વિશે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગત રોજ 'પ્રેઝન્ટેશન ઓન અપકમીગ હાઇ સ્પીડ ટ્રેન (બુલેટ ટ્રેન) પ્રોજેકટ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુંબઇ અમદાવાદ હાઇસ્પીડ રેલના ટેકનીકલ સર્વિસિસના હેડ નવનીત કૌલ અને ફાયનાન્સ, એકાઉન્ટન્ટ્સ એન્ડ એડમિનિસ્ટ્રેશનના હેડ ડી. વિજયકુમાર દ્વારા બુલેટ ટ્રેન પ્રોજેકટ વિશે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. તેઓએ ભારતમાં રેલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ, ભારત અને વિશ્વમાં ટ્રેનોની સ્પીડ, ભારતમાં હાઇ સ્પીડ રેલ વિશેનો આખો ચિતાર રજૂ કર્યો હતો. આ પ્રોજેકટને કારણે દક્ષિણ ગુજરાતના MSME ઉદ્યોગ માટે ઉભી થનારી વ્યવસાયિક તકો વિશે પણ મહત્વની માહિતી આપી હતી.

નવનીત કૌલે જણાવ્યું હતું કે, ભારતના વિકાસ માટે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ખૂબ જ જરૂરી છે. મુંબઇ – અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન પ્રોજેકટ દેશ માટે ખૂબ જ મહત્વનો પ્રોજેકટ છે. વર્ષ ૨૦૦૯માં આ પ્રોજેકટ વિશે વિચાર કરવામાં આવ્યો હતો અને મે ૨૦૧૪માં આ પ્રોજેકટને મંજૂરી મળી હતી. મુંબઇ અને અમદાવાદ વચ્ચે સાકાર થઇ રહેલા આ પ્રોજેકટમાં સુરત મધ્યસ્થમાં આવે છે. આ ટ્રેનની સ્પીડ પ્રતિ કલાકે ૩૨૦ કિલોમીટરની રહેશે. આથી આ ટ્રેનમાં સુરતથી અમદાવાદ અને સુરતથી મુંબઇ માત્ર એક જ કલાકમાં પહોંચી શકાશે. ગુજરાતમાં આઠ અને મુંબઇમાં ચાર મળી કુલ બાર સ્ટેશન ખાતે બુલેટ ટ્રેનનું સ્ટોપેજ આપવામાં આવશે. ભવિષ્યમાં દર ૧૫થી ૨૦ મિનિટે મુંબઇથી અમદાવાદ વચ્ચે એક બુલેટ ટ્રેન દોડાવવાનું આયોજન છે.

તેમણે વધુમાં કહયું કે, તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૦થી આ પ્રોજેકટનું કામ શરૂ થઇ ગયું છે અને ચાર વર્ષમાં આ પ્રોજેકટનું કામ પૂરું કરવામાં આવશે. રૂપિયા ૨૦ હજાર કરોડના ખર્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ચાર વર્ષમાં સાકાર થનાર છે અને આ પ્રોજેકટને કારણે ૨૮ હજાર લોકોને રોજગારી મળી રહેશે. બુલેટ ટ્રેન માટેના કેટલાક ભાગને બાદ કરતા મોટા ભાગનો ટ્રેક એલીવેટેડ બનાવવામાં આવી રહયો છે. કન્સ્ટ્રકશન માટે જે રો – મટિરીયલની જરૂર પડે છે તે તો ખરી જ પણ ૫૦થી ૬૦ હજાર ટન સ્ટીલની પણ જરૂરીયાત ઉભી થનાર છે. આથી આ પ્રોજેકટને કારણે દક્ષિણ ગુજરાતના એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગને પણ ઘણો લાભ થશે.

**ભારતમાં મંજૂર થયેલી હાઇસ્પીડ રેલ્વે લાઇન્સ (બુલેટ ટ્રેન)....**

| **રેલ્વે લાઇન** | **કિલોમીટર** |
|---|---|
| મુંબઇ – અમદાવાદ | **૫૦૮ (કામ શરૂ થઇ ગયું છે)** |
| દિલ્હી – કોલકાતા | ૧૫૦૦ |
| દિલ્હી – અમૃતસર | ૪૫૦ |
| દિલ્હી – દેહરાદુન | ૨૦૦ |
| હાવડા – હલ્દીયા | ૯૦ |
| મુંબઇ – નાગપુર | ૮૮૩ |
| મુંબઇ – હૈદરાબાદ | ૭૪૭ |
| ચેન્નાઇ – હૈદરાબાદ | ૬૬૪ |
| ચેન્નાઇ – તિરૂઅનંતપુરમ | ૮૫૦ |
| બેંગલુરૂ – મૈસુર | ૧૧૦ |

**ભારતમાં બુલેટ ટ્રેન માટે કુલ ૬૦૦૨ કિલોમીટરમાં હાઇસ્પીડ રેલ્વે લાઇન્સ સ્થપાશે.**

**વિશ્વના અન્ય દેશોમાં સ્થપાયેલી હાઇસ્પીડ રેલ્વે લાઇન્સ (બુલેટ ટ્રેન)....**

| **દેશ** | **કિલોમીટર** |
|---|---|
| ચાઇના | ૩૬૦૦૦ |
| જાપાન | ૩૦૪૧ |
| ટર્કી | ૬૨૧ |
| સાઉથ કોરીયા | ૧૧૦૫ |
| ઉઝબેકિસ્તાન | ૭૪૧ |
| સાઉદી અરેબિયા | ૪૫૩ |
| તાઇવાન | ૩૪૮ |
| હોંગકોંગ | ૨૬ |
| યુ.એસ.એ. | ૭૩૫ |
| આફ્રિકા– મોરોકકો | ૧૮૬ |

ઉપરોકત સેમિનારમાં ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન દીપકકુમાર શેઠવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની કોર્પોરેટ્સ કમિટીના એડવાઇઝર તેમજ હજીરાની એલ એન્ડ ટી કંપનીના વાઇસ પ્રેસિડેન્ટ એન્ડ સી.એ.ઓ. અતિક દેસાઇએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે કોર્પોરેટ્સ કમિટીના ચેરમેન સંજય ગજીવાલાએ વકતાઓનો પરિચય આપ્યો હતો. અંતે ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.